આ પહેલી મળી તે ટ્રેનમાં બેઠો છું.

ક્યાં જાય છે એની ખબર નથી. તને મળીને પ્લેટફોર્મ પર આવ્યો ત્યારે આ ઊપડતી હતી. મેં તને કહેલું એમ એમાં ચડી ગયો છું. ટી.ટી. સાહેબ આવશે એટલે ટિકિટ લઈશ - દંડ સાથે. તત્કાળમાં. ડબ્બો ખીચોખીચ છે. અહીં પણ બેગ, બિસ્તરા સાથે પ્રવાસ કરનારાં છે. તત્કાળ પ્રવાસનું નક્કી થાય તોય આટલી તૈયારી? આટલું બધું સાથે? મારી પાસે તો એક-બેગ છે, કોથળો જ કહે ને! બહુ ઓછો સામાન છે આ સહુની સરખામણીમાં. પાકીટનીય એ જ સ્થિતિ છે. પણ મનમાં છે જુદી રીતે જ પ્રવાસ કરવાનું. એટલું જ નક્કી કર્યું છે કે કૈં જ નક્કી નહીં. આમ તો ઘણા સમયથી વિચારતો હતો પણ અમલ કરતાં અચકાતો હતો. કદાચ થોડો ડર પણ હતો. ક્યાં જવું, કઈ રીતે જવું, કેટલા સમય માટે જવું, શું તૈયારી કરવી... કેટલા સવાલ હતા! પણ પછી બધાના જવાબ મળી ગયા, એટલે કે એકેના જવાબ શોધવાને બદલે સીધા નીકળી જવાનું વિચાર્યું. અલબત્ત, તને કહીને જવાનો હતો પણ પછી એનો વિકલ્પ વિચારી લીધો. આખી સફર વિષે તને માહિતગાર રાખવા આ ડાયરી લખવાની શરૂ કરી છે. ટી.ટી. સાહેબ આવે છે. આગળની વાત પછી.

ટી.ટી. સાહેબના ગયા પછી ઊંઘ આવી ગઈ. સવારે લખવા બેઠો છું. ટ્રેન ચાલે છે. હજી કેટલાક લોકો સૂઈ રહ્યા છે. બારી બહાર દૃશ્ય સરી રહ્યાં છે. મનની પણ એ જ સ્થિતિ છે. પાત્રો, પ્રસંગો, પર્વો, પરિસ્થિતિ, ગમતું ને અણગમતું, પીડા ને પ્રસન્નતા બધું... ક્યાંક પોંખાઉં છું, ક્યાંકથી ઝડપથી સરી જાઉં છું, કેટલુંક પોતે વહી જાય છે, કેટલુંક ઇચ્છું છું છતાંય આગળ નથી સરકતું. કેટલાંકને હું પકડી રાખું છું તો કેટલુંક મને છોડતું નથી. લખવામાં બધું આડું આવે છે. લખતી વખતે મન મોકળું જોઈએ. તાટસ્થ્ય જોઈએ. નિર્લેપ થવું જોઈએ. હું જાણું છું એ. પણ આવી સ્થિતિ સહેલાઈથી ન સિદ્ધ થાય. હજી ગમા-અણગમા યથાવત્ છે. આપણે એમ માનતાં હોઈએ છીએ કે આપણું મન ગમતાંને મમળાવ્યા કરે છે. પણ વાસ્તવ તો એનાથી સાવ વિરુદ્ધ છે. અણગમતું જ ઝટ ભુલાતું નથી. મન પર એની પકડ મજબૂત છે. મનને પણ ગમે છે એ યાદ કરીને દુઃખી થવાનું. સાચે જ પેલી વાર્તા જેવું - આપણે જ થાંભલાને છોડતા નથી. સાચું કહું તો લખવા બેસું છું ત્યારે કડવો સ્વાદ પણ અનુભવું છું. ક્યારેક તો એટલી તીવ્રતાથી કે લખતાં રોકાઈ જવું જ યોગ્ય.

બપોર છે.

ટ્રેનની ગતિ ઘટી છે કે મન મંથર ગતિએ ચાલે છે! પણ જે છે તે સારું છે. આવી લોકલ ટ્રેનની આ નિરાંત. ઝડપ ઓછી હોય ત્યારે લખવું ફાવે. અલસતા વર્તાય છે. સવારે સૂતા હતા એ પાછા ઊંઘરેટા થયા છે, ઝોકાં ખાય છે. જમી લીધું છે. જાણવા મળેલું કે એ છેલ્લું સ્ટેશન હતું જ્યાં કૈંક ઠીક જમવાનું મળે છે એટલે એ જ જમ્યો - પૂરી શાક ને દહીં. મરચાં પણ ખરાં. જમીને પડિયા ફેંકી દીધાં. અલબત્ત, ડસ્ટબીન શોધીને. સ્વચ્છ ભારત. મુશ્કેલ તો છે પણ સહુ ટેવ પડશે એટલે વાંધો નહીં આવે. પાકે ઘડે કાંઠા નય ચડે પણ નાનાં બાળકો એ વિષે આગ્રહ રાખે ત્યારે આશા બંધાય. ટી.ટી. સાહેબને પૂછીને સાવ અજાણ્યા સ્ટેશનની ટિકિટ લીધી છે, દંડ ભરીને. કોઈ છેવાડાનું ગામ છે. લોકલ ટ્રેન છે એટલે આ લાભ થયો. આમ પણ હું ક્યાં કૈં વિચારીને ચડ્યો છું? જે સામે ઊભેલી એમાં ચડી ગયો. એટલે આવા અજાણ્યા નાનાં નાનાં સ્ટેશનના વિકલ્પ મળ્યા. મજા આવી ગઈ. સાંભળીને ગમ્યું એ નામના સ્ટેશનની ટિકિટ માંગી તો સાહેબનેય નવાઈ લાગી. જોઈ રહેલા મને. કદાચ હું એમને આ ટ્રેનનો ને એ પ્લેટફોર્મનો મુસાફર નહોતો લાગ્યો. પોતાની રીતે પ્રયત્ન પણ કર્યો મારું મન જાણવા ને છેલ્લા જંકશનની ટિકિટ આપવા. મુસાફરીનું કારણ જાણવાનોય હેતુ હતો વાતોમાં. આની તૈયારી હવે મારે રાખવાની. જો કે હજી તો મારા મનમાંય ક્યાં કોઈ સ્પષ્ટતા છે આ પ્રવાસની! ટ્રેન, સ્ટેશન, સફર બધું જ મળતું જાય, મન થાય તે. સાહેબને લાગ્યું હશે કે ઘરમાંથી ભાગ્યો હોઈશ ને મારી ઉંમર જોતાં જાણીતાં કારણોય ધારી લીધેલાં. પણ સીધું પૂછવાનું ટાળ્યું એમાં કદાચ મારી સ્વસ્થતા જવાબદાર હશે. હું જરાય વિચલિત ક્યાં છું? તું કદાચ જાણતી નહીં હોય કે હું ક્યારે નીકળી પડીશ પણ ક્યારેક આવું બનશે એવું મનમાં તો હશે જ. તારે એ જાણવું હશે કે મેં ટિકિટ ક્યાંની લીધી, ને સાથે તને એનીય ખાતરી હશે કે એ હું નહીં કહું .

મજા આવી જમવાની.

થોડું તેલવાળું ને તીખું ખરું પણ દહીં અને ગોળને સથવારે સ્વાદ માણ્યો. દહીં તો જોડે આવેલું પણ ગોળ સહપ્રવાસી જોડે વિનિમય વ્યવહારથી મળ્યો. મેં મરચાં એમને આપ્યાં ને એમણે મને ગોળનું દડબું આપ્યું. જમીને મુખવાસ ચગળતાં લખું છું. મુખવાસ મારો છે. શીશી ડબ્બામાં ફરી રહી છે. પાછી આવે ત્યારે ખબર! તું જાણે છે કે મને પ્રવાસ ગમે છે. નાના કે મોટા. પૂર્વ આયોજિત કે અણધાર્યા. હું સૌ પહેલાં તૈયાર હોઉં કારણ કે મારી એક-બેગ તૈયાર જ હોય. મને જરૂરી લાગે એ બધી વસ્તુ એમાં હોય. બીજી વધારાની વસ્તુ પ્રવાસના સ્થળને અનુરૂપ ઉમેરાય. જમીને મુખવાસ મારે જોઈએ એટલે એ જોડે જ હોય. આ સફરમાં મેં બેગને બદલે બેકપેક સાથે લીધું છે. અલબત્ત, પ્રવાસમાં જાતભાતનાં કપડાં બદલવાનો મને શોખ છે. પણ આ વખતે એના પર કંટ્રોલ રાખ્યો છે. જો કે કેપ ને ગોગલ્સ તો લીધાં છે. બૂટ ને ચંપલના વિકલ્પ પણ છે. જે નિયમિત લેવી પડે છે એ દવાઓ પણ છે. બીજીય થોડી સાથે રાખી છે - માથું, પેટ, શરીર દુખે, શરદી -તાવ, ઝાડા-ઊલટીનીય છે. ગમે તે ન ખાવું એ તારી સૂચના પણ છે. મજા ત્યારે આવશે જ્યારે આ નિયમિત લેવાની દવા ખલાસ થઈ જશે. તને તો ખબર છે કે મને એનાં નામ યાદ નથી. એ ડિપાર્ટમેન્ટ તારું છે. અલબત્ત, મોબાઇલ ફોનમાં એ દવાના પ્રિસ્ક્રિપ્શનનો ફોટો તેં પાડી રાખ્યો છે. મોબાઇલ ફોન છે. ચાર્જર નથી. ફોન બંધ રાખ્યો છે. ભવિષ્ય માટે કશું જ નહીં. અરે પેલા ‘ક’ વાળા સવાલોના જવાબ પણ ક્યાં છે?

કેમ જવું છે? - નથી ખબર.

ક્યાં જાવ છો? - નથી ખબર.

કેટલા દિવસ માટે? - નથી ખબર.

ક્યારે આવશો? - નથી ખબર.

કોની સાથે? - નથી ખબર.

ક્યાં કોન્ટેક્ટ કરવાનો? - નથી ખબર.

ક્યારે કોન્ટેક્ટ કરશો? - નથી ખબર.

ક્યારે આવશો? - નથી ખબર.

આ કોઈ ઉડાઉ જવાબ નથી. બધા સાચા જવાબ છે. મારી આ સફરનો પાયો જ પ્રામાણિકતા છે. હવે આમાં આયોજન શું કરો? પડશે તેવા દેવાશે એ સાચું પણ કોણ પડશે? કોણ દેવાશે? હા, એક સવાલનો જવાબ આપી શકું - તમારા વિષે કોને પૂછવું?

તો જવાબ છે : જાતને. હું પણ એને જ પૂછું છું આ બધા સવાલ, હજી જવાબ નથી મળ્યા. તું પણ પૂછજે, તને આ સવાલો. મારા વિષે, ને ક્યારેક તારા વિષે.